U.S. CONSULATE GENERAL
MUMBAI - INDIA

**PRESS RELEASE** **Thursday, February 13, 2014**

**પ્રેસ રીલિઝ**
**અમેરિકી રાજદૂતાવાસ**
**ફેબ્રુઆરી 13, 2014**

અમેરિકન રાજદૂત નેન્સી જે. પોવેલે ગાંધીનગર ખાતે ગુજરાતના મુખ્યપ્રધાન નરેન્દ્ર મોદીની મુલાકાત લીધી હતી. આ મુલાકાત ભારતસ્થિત અમેરિકન દૂતાવાસ માટે ભારતના આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને મહત્ત્વના રાજકીય પક્ષોના વરિષ્ઠ નેતાઓની મુલાકાતના એક ભાગરૂપે હતી. ગુજરાતની આ મુલાકાત દરમિયાન રાજદૂત પોવેલ અમેરિકન-ભારતીય ઉદ્યોગો અને કેટલાક બિનસરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓને પણ મળશે. તેઓ મુખ્યત્વે અમેરિકા-ભારતના સંબંધો, પ્રાદેશિક સુરક્ષા બાબતો, માનવીય અધિકારો અને ભારતમાં અમેરિકન વ્યાપાર તથા રોકાણ પર ચર્ચા કરશે.

અમેરિકા અને ભારત વિશાળ અને ગૂઢ વ્યૂહાત્મક સંબંધો તરફ આગળ વધી રહ્યા છે. ગત નવેમ્બર મહિનાથી રાજદૂત પોવેલે અમેરિકા-ભારતના સંબંધો બાબતે અભિપ્રાયો મેળવ્યા અને વ્યક્ત કર્યા છે. તેમણે હંમેશા અમેરિકા-ભારતની ભાગીદારીને મહત્ત્વની તથા વ્યૂહાત્મક ગણાવી છે. તે ઉપરાંત ભારતીય લોકો દ્વારા આગામી ચૂંટણીમાં જે સરકારને ચૂંટવામાં આવશે તેની સાથે કામ કરવા માટે અમેરિકા તત્પર રહેશે એ બાબત પર પણ ભાર આપ્યો છે.